અમે આ મટીરીયલ ધોરણ 5 થી ધોરણ 10 ના આધારે તૈયાર કરેલ છે જે તમને ખુબજ ઉપયોગી થશે.

| | | |
|---|---|---|
| પડતું મૂકવું | : | છોડી દેવું |
| નિઃશબ્દ બની જવું | : | શાંત થઇ જવું |
| વિદાય લેવી | : | જવા માટે છૂટા પડવું |
| જોતરાઈ જવું | : | કામચોરી વિના કામે લાગવું |
| દિલ દઈને | : | ખુબ ઉત્સાહ અને ધગશથી |
| આત્મા રેડી દેવો | : | પૂરેપૂરી લગનથી કામ કરવું |
| પગરણ માંડવા | : | શરૂઆત કરવી |
| માથે ઉપાડી લેવું | : | જવાબદારી લેવી |
| દિલ દ્રવી ઊઠવું | : | ખુબ દુઃખ થવું |
| માંડી વાળવું | : | કામ બંધ કરવું |
| પાછી પાની કરવી | : | પાછા હઠવું |
| ઉચાળા ભરવા | : | ઘરબાર ખાલી કરીને નીકળી જવું |
| બે પાંદડે થવું | : | સુખી-સંપન્ન થવું |
| નેવાના પાણીએ હાથ ધોવા | : | કોઈની ઉદારતાનો દુરુપયોગ કરવો |
| મનમાં ગાઠ વાળવી | : | નક્કી કરવું |
| ફાટીને ધુમાડે જવું | : | બહુ છટકી જવું |
| વહાણા વાઈ જવા | : | સમય જતો રહેવો |
| લાગમાં આવવું | : | તક મળવી,બરાબર કબજામાં આવવું |
| ભોં ખોતરવા માંડવું | : | નીચું જોઇને ઊભાં રહી જવું |
| અક્કલનું તાળું ઉઘડવું | : | બુદ્ધિ આવવી |
| નજર કરવી | : | લક્ષ આપવું,જોઈ લેવું |
| દહાડો બગાડવો | : | ન ધાર્યું હોય તેવું થવું |
| બરાડી ઊઠવું | : | મોટેથી બુમ પાડવી |
| ઊંચે શ્વાસે | : | ઉતાવળે |
| લાલપીળા થઇ જવું | : | ખુબ ગુસ્સે થવું |
| કાનમાં કઈક કહેવું | : | કંઈક ગુપ્ત વાત કરવી |

| | | |
|---|---|---|
| મેળો જામવો | : | ઘણા માણસોનું એકઠા થવું |
| ગામનું નાક | : | ગામનું ગૌરવ |
| મૂછ મરડવી | : | અભિમાન કે શુરાતન બતાવવું |
| માથે કરવું | : | અઘટિત વર્તન દ્વારા લોકોને વ્યાકુળ કરવા |
| પૂંઠ વાળવી | : | પાસા વાળીને જોવું |
| ઝંખવાણા પડી જવું | : | છોભીલા પડી જવું,ખાસિયાણા પડી જવું |
| ઠાવકાઈથી કહેવું | : | ગંભીરતાથી કહેવું |
| મોતિય મરી જવા | : | હોશ ગુમાવવો,હિંમત હારી જવી |
| ભરાઈ પડવું | : | ફસાઈ જવું |
| દરિયાદિલ હોવું | : | ઉદાર દિલવાળા હોવું |
| અમીવાદળી ઊઠવી | : | કૃપા થવી,મહેર થવી |
| ઓડનું ચોડ થવું | : | ધારણા કરતાં સાવ ઊંધું થવું |
| એકડિયા-બગડિયાની જેમ | : | શીખાઉની જેમ |
| વાતોના વડા કરવા | : | નકામી લાંબી વાતો કરવી |
| પ્રાગડ ફૂટવું | : | પરોઢિયું થવું |
| રસ પડવો | : | મજા પડવી |
| આંખે ચક્કર આવવા | : | બીકને લીધે બધું ગોળગોળ ફરતું દેખાવું |
| જીવ તાળવે ચોટવો | : | જાણે હમણાજ જીવ જશે તેવી સ્થિતિમાં હોવું |
| જીવ અડધો થઇ જવો | : | ચિંતાથી વિહવળ થઇ જવું |
| દિલનો ટુકડો હોવું | : | ખુબ વહાલું હોવું |
| જાત ઘસવી | : | બીજા માટે દુઃખ વેઠવા |
| દિલમાં દુઃખ થવું | : | ખૂબ દુઃખી થવું |
| મો પડી જવું | : | ઉદાસ થઇ જવું |
| સડક થઇ જવું | : | સ્તબ્ધ થઇ જવું |

## ધોરણ-7

| | | |
|---|---|---|
| ટાપસી પૂરવી | : | ચાલતી વાતને ટેકો આપવો |
| પાટી મેલાવવી | : | દોડાવવું |
| માઝા મુકવી | : | મર્યાદા ત્યજી દેવી |

| | | |
|---|---|---|
| ખાલી ઘોડા દોડાવવા | : | નકામા વિચારો કરવા |
| જીભના ઝપાટા મારવા | : | ગપ્પા મારવા |
| કાપલો કાઢી નાખવો | : | બધું ખાઈ જવું |
| આ પા કે પેલી પા | : | કોઈપણ પ્રકારની પરીસ્થીતીને પહોચી વળવા તત્પર |
| ઉગારી લેવું | : | બચાવી લેવું |
| વાત કળાઈ જવી | : | સમજાઈ જવું |
| વદન કરમાઈ જવી | : | નિરાશ થઇ જવું |
| ઉમેદ બર ન આવવી | : | આશા સફળ ના થવી |
| શાખ જામવી | : | પ્રતિષ્ઠા ઊભી થવી |
| એકના બે ન થવું | : | પોતાની વાત પર મક્કમ રહેવું |
| નામ લાજવવું | : | અપકીર્તિ અપાવવી |
| મેણું મારવું | : | કડવા શબ્દો કહેવા |
| બેડલો પાર થવો | : | ઈચ્છા હેમખેમ પાર પડવી |
| ઘોડલા ખેલવા | : | મોજમજા કરવી |
| ઢુંકવા ન દેવું | : | નજીક આવવા ન દેવું |
| ઘરનો મોભ તૂટી પડવો | : | ઘરની મુખ્ય વ્યક્તિ મૃત્યુ પામવી |
| અવાજ તરડાઇ જવી | : | ગદગદિત થવું |
| વાદળ જેવું મન કરવું | : | હળવા ફૂલ થઇ જવું |
| નિકંદન કાઢવું | : | જડમૂળમાંથી નાશ કરવું |
| ગેડ બેસવી | : | મનમાં ગોઠવવું |
| મનમાં સમસમી રહેવું | : | ધૂંધવાઈ ઊઠવું |
| ખૂટો બેસાડવો | : | પાયો નાખવો |
| રૂવાડા બેઠા થવા | : | બીક,કે હરખના કારણે શરીર પરના વાળ ઉભા થવા |
| સંચળ થવો | : | અવાજ થવો |
| કારી ન ફાવવી | : | યુક્તિ સફળ ન થવી |
| લક્ષ્મીની છોળો ઉછળવી | : | પુષ્કળ પ્રમાણમાં ધન હોવું |
| ઝીણા જીવના હોવું | : | કરકસરિયા હોવું |
| કણમાંથી મણ થવું | : | થોડામાંથી વધારે થવું |
| જીવ પરોવી દેવો | : | એક ચિત્ત થઇ જવું |

| | | |
|---|---|---|
| વેતરણમાં પડવું | : | જોઈતી ગોઠવણ કરવી |
| દુકાળમાં આધિક માસ | : | ખરાબ સમયમાં વળી વધારો થવો |
| જનસેવામાજ પ્રભુ સેવા | : | માનવીની સેવા એજ સાચી પ્રભુ ભક્તિ |
| નસીબ આડેનું પાંદડું ફરવું | : | સારો સમય શરુ થવો,માઠા દિવસો પુરા થવા |
| રાજીના રેડ થઇ જવું | : | ખૂબજ પ્રસન્ન થઇ જવું |
| ગળગળા થઇ જવું | : | લાગણીથી હૈયું ભરાઈ જવું |

## ધોરણ-8

| | | |
|---|---|---|
| સૂર પૂરાવો | : | હામાં હા કહેવી |
| જીભ કપાઈ જવી | : | બોલતા બંધ થઇ જવું |
| સાત ખોટનો દીકરો હોવો | : | ખુબ લાડકો,એકનો એક દીકરો |
| કળ વળવી | : | નિરાંત થવી |
| આંકડા માંડવા | : | ગણતરી કરવી |
| સૌ સારાવાના થવા | : | બધી રીતે શુભ થવું |
| માઝા છાંડવી | : | મર્યાદા ઓળંગી જવી |
| નાડ રાજા લે તેવું થવું | : | મરણ પામવાની તૈયારી હોવી |
| વાટકીનું શિરામણ હોવું | : | ઓછી આવકવાળું |
| પેટ મોટું હોવું | : | ઉદાર દિલના હોવું |
| હામ ન હોવી | : | હિંમત ના હોવી |
| ચિથરા ફાડવા | : | નકામી કે આડી વાત કરવી |
| હિલોળે ચડવું | : | ભીડ રૂપે એકઠા થવું |
| તાલાવેલી લાગવી | : | આતુરત,તાલાવેલી |
| ઢીલાઢસ થઇ જવું | : | સાવ ઢીલા થઇ જવું |
| માયા મૂકવી | : | સ્નેહ-મમતા છોડાવી |
| માત કરવું | : | હરાવવું |
| આંખ આડા કાન કરવા | : | વાત ધ્યાનમાં ન લેવી |
| મોમાં આંગળા નાખીને બોલવું | : | પરાણે બોલવું |
| મન ભીતોમાં ભમવું | : | મન કોઈ જગ્યાએ સ્થિર ના હોવું |
| મોમાં મગ ભરવા | : | મૂંગા ભરવા |

| | | |
|---|---|---|
| દળદાર ફીટવું | : | ગરીબી દુર કરવી |
| જીવ લઈને નાસવું | : | જીવ બચાવાની ઘણીજ ઉતાવળે દોડવું |
| હાંજા ગગડી જવા | : | બીકથી થથરી જવું |
| ગજુના હોવું | : | શક્તિ બહારની વાત હોવી |
| જીવ પડીકે બાંધવો | : | ભારે ચિંતા થવી |
| ભોયમાં પેસી જવાનું મન થવું | : | ખુબ શરમાવું |
| ઘેલું લાગવું | : | અતિઆકર્ષણ થવું |
| તરબતર કરી દેવું | : | ભરપૂર કરી દેવું |
| બાવાના બેય બગડ્યા | : | બંને બાજુનું નુકસાન થવું |
| હૈયે તેવું હોઠે | : | સાફ મનના હોવું |
| ઊંટ મારવું પડે એવી તરસ લાગવી | : | ખુબજ તરસ લાગવી |
| રીગડી કરવી | : | હેરાન કરવું |
| આડી જીભ વાવવી | : | અવરોધ ઊભો કરવો,નાં પાડવી |
| પચાવી પાડવું | : | બથાવી પાડવું |
| સોદારી વાળવી | : | સંતોષ થવો,તૃપ્તિ થવી |
| પાડ માનવો | : | ઉપકાર-આભાર માનવો |
| દાઢ બેસાડવી | : | બચકું ભરવું |
| મન માનવું | : | તૈયાર થવું,સમંત થવું |
| સદભાગ્ય સાપાડવું | : | પુણ્ય કાર્ય મળવું |